**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૪૪ |
| અમદાવાદ | ૧૭૪ |
| ગાંધીનગર | ૩૭ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૩ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૦, શનિવાર; ભાદરવા વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત-ચીન તણાવ ઘટાડવા સહમત

**સરહદે તણાવ ઘટાડવા ભારત-ચીન વચ્ચે પાંચ સૂત્રિય ફોર્મ્યુલા પર સહમતી ● મોસ્કોમાં ભારત-ચીનના વિદેશમંત્રીઓ વચ્ચે બે કલાક મેરેથોન બેઠક ચાલી ● ભારતની ચીનને સ્પષ્ટ વાત : બોર્ડર પરથી સૈનિકોની સંખ્યા ઓછી કરો ● અમારે ભારત સાથે તણાવ વધારો નથી : ચીન**



મૉસ્કો,તા.૧૧

ભારત અને ચીન વચ્ચે જારી રહેલા તનાવની વચ્ચે બંને દેશોના વિદેશપ્રધાનોની વચ્ચે થયેલી વાતચીત પછી ન્છઝ (લાઈન ઓફ એકચ્યુઅલ કન્ટ્રોલ) પર ટેન્શન ઓછું કરવા માટે પાંચ મુદ્દાઓ પર સહમતી બની છે. ભારતે ચીનને કહ્યું હતું કે ચીની સેનાની ઉશ્કેરણીપૂર્વકની કાર્યવાહી દ્વિપક્ષી સમજૂતીનું ઉલ્લંઘન દર્શાવે છે. વિદેશપ્રધાન એસ જયશંકર અને ચીની વિદેશપ્રધાન વાંગ ચીની વચ્ચે ગઈ કાલે મોસ્કોમાં બે કલાક લાંબી ચાલેલી મુલાકાતમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેથી બંને દેશો સીમા વિવાદ ઘટાડવા માટે સહમત થયા છે. બંને દેશોની વચ્ચે પાંચ સૂત્રીય ફોર્મ્યુલા પર સહમતી બની છે.

ભારત-ચીન વચ્ચે નીતિ પર કોઈ ફેરફાર નહીંમોસ્કોમાં વિદેશપ્રધાન એસ. જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે ભારત ન્છઝ પર જારી તનાવને વધુ વધારવા નથી ઈચ્છતો, વળી ભારતનું માનવું છે કે ચીન માટે ભારતની નીતિમાં અને ભારત પ્રતિ ચીનની નીતિમાં કોઈ પ્રકારનો ફેરફાર નથી થયો. રશિયામાં શંઘાઈ સહયોગ

● અનુસંધાન પાના - ૭ પર

## પેન્ગોંગની અગત્યની ચોટીઓ ઉપર ભારતે પકડ મજબૂત કરી

**મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કરવામાં આવ્યા : ભારતના સૈનિક પેન્ગોગ લેકના દક્ષિણ કિનારા પર ઊંચી ચોટી પર પહોંચ્યા**

લેહ,તા.૧૧

લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર પેન્ગોગ લેકની પાસે તણાવ સતત વધતો જઈ રહ્યો છે. સૂત્રો મુજબ, ફિંગર ૩ની પાસે ભારત તરફથી મોટી સંખ્યામાં સૈનિકોને તેનાત કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૪૮ કલાકમાં પેન્ગોગ લેકના ઉત્તરમાં હલચલ ઘણી વધી ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, પેન્ગોગ લેકના પશ્ચિમની તરફ ચીન આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યું છે. મૂળે, ૨૯-૩૦ ઓગસ્ટે થયેલા ઘર્ષણ બાદથી ભારતના સૈનિક હવે પેન્ગોગ લેકના દક્ષિણ કિનારા પર ઊંચી ચોટીઓ પર પહોંચી ગયા છે. જ્યારે ચીનની સેના અહીં નીચેના વિસ્તારોમાં છે. એવામાં ચીનની આગની તરફ વધવાનો પ્રયાસ કરી રહ્યું છે. સૂત્રોના હવાલાથી દાવો કર્યો કે ચીને વાતચીત બાદ પણ ફિંગર ૪નો વિસ્તાર હજુ ખાલી નથી કર્યો. મંગળવારની રાત્રે આ વિસ્તારોમાં ચીને લગભગ ૨૦૦૦ સૈનિક તૈનાત કરી દીધા. ચીનની હરકત બાદ ભારતે પણ ફિંગર ૩ની પાસે લગભગ



આટલી જ સંખ્યામાં આર્મીને તૈનાત કરી દીધી. જેથી વિસ્તારમાં તણાવ ઘણો વધી ગયો છે. સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે બંને દેશોની સેના એક બીજાથી માત્ર ૫૦૦ મીટરના અંતરે ઊભી છે. તેઓએ કહ્યું કે, બંને દેશોની સેના હથિયારથી સજ્જ છે. ઊંચી પહાડીઓથી તેઓ એક બીજાને જોઈ રહી છે.

## ભારતનો ચાલુ વર્ષનો આર્થિક વિકાસ દર માઈનસ ૧૧.૫%

**નીચો ગ્રોથ-ઊંચો કરજભાર કારણભૂત : મૂડીઝ : ૨૧-૨૨ માટે અર્થતંત્રમાં ૧૦.૬ ટકા વૃદ્ધિનો અંદાજ હતો**

નવી દિલ્હી, તા. ૧૧

આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી મૂડીઝ ઈન્વેસ્ટ સર્વિસે ચાલુ વર્ષનો ભારતનો આર્થિક વિકાસનો અંદાજ ઘટાડીને માઈનસ ૧૧.૫ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. અગાઉ સંસ્થાએ ભારતનો જીડીપી દર માઈનસ ૪ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

મૂડીઝના મતે નીચા ગ્રોથ, ઊંચાં કરજ ભાર અને નબળી નાણાકીય વ્યવસ્થાને પગલે ભારતની ક્રેડિટ પ્રોફાઈલ ઝડપથી કથળી રહી છે. જ્યારે કોરોના વાયરસ મહામારીને પગલે જોખમ વધ્યું છે. અર્થતંત્ર અને નાણાકીય વ્યવસ્થામાં વધુ તણાવના જોખમને લીધે લાંબા ગાળે નાણાકીય મજબૂતી પ્રભાવિત થઈ શકે અથવા ધોવાણ થઈ શકે છે. જેને પગલે ક્રેડિટ પ્રોફાઈલ પર દબાણ અનુભવાશે. ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી -૧૧.૫ ટકા રહેવાનો અંદાજ છે. ૨૦૨૧-૨૨ માટે અર્થતંત્રમાં ૧૦.૬ ટકાની વૃદ્ધિનો અંદાજ મૂડીઝે વ્યક્ત કર્યો હતો. અગાઉ રેટિંગ એજન્સી ફિચે પણ ભારતનો ચાલુ વર્ષનો જીડીપી ગ્રોથ -૧૦.૫ ટકા રહેવાની આગાહી કરી હતી. ક્રિસિલ અને ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચે જીડીપી અનુક્રમે -૯ ટકા અને -૧૧.૮ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૮૪૨૨૩૬૨ | ૯૧૫૧૯૩ | ૨૦૪૨૮૨૯૩ |
| ભારત | ૪૬૨૧૧૮૩ | ૭૬૯૧૪ | ૩૫૯૮૭૩૨ |
| ગુજરાત | ૧૧૦૯૭૧ | ૩૧૮૩ | ૯૧૫૭૦ |
| ગાંધીનગર | ૨૮૩૫ | ૧૫૩ | ૨૩૨૯ |

## દેશમાં કોરોનાના નવા ૯૬૫૫૧ કેસ

**કોરોના સંક્રમિતોની સંખ્યા ૪૫ લાખથી વધારે : ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૨૦૯ લોકો મોત, ૯૪૩૪૮૦ સક્રિય કેસ, ૩૫ લાખ ૪૨ હજાર ૬૬૪ લોકો સાજા થયા**

નવી દિલ્હી, તા. ૧૧

એક તરફ કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોની માગણીઓ સ્વીકારીને લૉકડાઉનમાં ધીમેધીમે રાહત આપી રહી છે ત્યારે બીજી બાજુ કોરોનાની મહામારી પોતાની ભીંસ વધારતી જાય છે. છેલ્લા ચોવીસ કલાકમાં દેશમાં ૯૬ હજાર ૫૫૧ નવા કેસ નોંધાયા હતા અને ૧૨૦૯થી વધુ લોકો કોરોનાના કારણે મરણ પામ્યા હતા. અત્યાર સુધીનો આ સૌથી મોટો આંકડો છે.

આ સાથે દેશમાં કોરોનાના કેસનો કુલ આંકડો ૪૫ લાખને આંબી ગયો હતો. સચોટ આંકડાની વાત કરીએ તો હાલ દેશમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૪૫ લાખ ૬૨ હજાર ૪૧૫ની છે. એમાં નવ લાખ ૪૩ હજાર ૪૮૦ સક્રિય કેસ છે અને ૩૫ લાખ ૪૨ હજાર ૬૬૪ લોકો સાજા થઈને ઘેર પાછા ફર્યા હતા. જો કે કેટલાક વિસ્તારોમાં સાજા થયેલા લોકો પર ફરી કોરોના ત્રાટક્યો હોય એવા કિસ્સા પણ બની રહ્યા હતા. એનું કારણ કદાચ એ હોઈ શકે.

જો કે ભારત માટે રાહતની વાત એ છે કે, તે હવે વિશ્વનો એવો બીજો દેશ બની ગયો છે. જ્યાં સૌથી



વધુ દર્દીઓ સ્વસ્થ થઈ ચૂક્યાં છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અપડેટ પ્રમાણે, અહીં અત્યાર સુધીમાં ૩૫,૪૨,૬૬૪ લોકો કોરોનાને માત આપી ચૂક્યાં છે. એટલે કે આટલા લોકો સારવાર બાદ સ્વસ્થ થઈ જતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

## નિરવ મોદી માટે મુંબઈની આર્થરરોડ જેલ યોગ્ય રહેશે

**લંડનની ક્રાઉન કોર્ટને આપવામાં આવેલી માહિતી**

નવી દિલ્હી, તા. ૧૧

ભારતીય બેંકોને અબજો રૂપિયાનો ચૂનો ચોપડીને ભાગી ગયેલા હીરાના વેપારી નીરવ મોદી માટે મુંબઈની આર્થર રોડ જેલની બરાક નંબર ૧૨ યોગ્ય રહેશે,તેમ લંડનની ક્રાઉન પ્રોસિક્યુશન કોર્ટને માહિતી આપવામાં આવી છે. હાલ નીરવ મોદી સામે ઈંગ્લેંડમાં પ્રત્યાર્પણ કેસ ચાલી રહ્યો છે.

આ કેસમાં હજુય નીરવ મોદી નાટક કરી રહ્યો હોય એવી છાપ પડતી હતી. ગુરૂવારે એના વકીલે કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે નીરવની માનસિક સ્થિતિ બરાબર નથી. એ આત્મહત્યાનો પ્રયાસ કરી ચૂક્યો છે. જેલમાં એને એકલો રાખવામાં આવે તો એની માનસિક સ્થિતિ વધુ વણસી શકે છે.

## ડ્રગ્સ કેસમાં સ્પેશિયલ કોર્ટે રિયાની જામીન અરજી ફગાવી

**રિયા ચક્રવતીને હજુ જેલમાં રહેવું પડશે : મેજિસ્ટ્રેટ કોર્ટ બાદ હવે મુંબઈની સ્પેશિયલ કોર્ટે પણ ડ્રગ કેસમાં રિયા ચક્રવર્તીની જામીન અરજીને ફગાવી દીધી**

મુંબઈ,તા.૧૧

મુંબઈની સ્પેશિયલ કોર્ટે આજે ડ્રગ કેસમાં રિયા ચક્રવર્તી તેમજ અન્ય આરોપીની જામીન અરજી ફગાવી છે. અગાઉ મેજિસ્ટ્રેટ કોર્ટે જામીન અરજી ફગાવી હતી અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી સોંપી હતી. તે અન્યને પ્રભાવિત કરી શકે છે અને પુરાવા સાથે છેડછાડ કરી શકે છે, તેમ કહીને તેની અરજી ફગાવવામાં આવી છે. સ્પેશિયલ જજે ગુરુવારે રિયા ચક્રવર્તીના વકીલ અને વિશેષ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો પર સુનાવણી કરી હતી. અન્ય ચાર આરોપીઓની જામીન અરજી બાબતે પણ સુનાવણી કરવામાં આવી હતી, જે બાદ મામલાને સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. ૮મી સપ્ટેમ્બરેસ રિયાને ભાયખલા કોર્ટમાં શિફ્ટ કરવામાં

● અનુસંધાન પાના - ૭ પર

**દુ:ખદ અવસાન**



મારા ધર્મપત્ની **સ્મિતા સમીર શેઠનું**
તા. ૦૮/૦૯/૨૦૨૦ને મંગળવારે દુ:ખદ અવસાન થયું છે.
પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને બેસણું રાખેલ નથી.
તા. ૧૩/૦૯/૨૦૨૦ને રવિવારે,
સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમ્યાન ટેલીફોન કરીને
આપ લાગણીની અભિવ્યક્તિ કરી શકો છો.

આપ સૌ સ્નેહીજનોની સાંત્વના જ અમારો આધાર છે.
આવી દુ:ખદ વેળામાં આપની લાગણી
બદલ અંત:કરણપૂર્વક આભાર.

**સમીર બચુભાઈ શેઠ । ધ્રુવ સમીરભાઈ શેઠ(પુત્ર)**
૯૮૭૯૬ ૩૬૮૪૬ । ૯૮૭૯૮ ૩૪૫૨૨




